



## દાંડી બ્રીજથી દાંડીકુટીર સુધી બાઈક રેલી યોજાઈ

ગાંધીજીના મુલ્યો અને આદર્શોથી હાલની પેઢી વાકેફ થાય તેવા ઉમદા આશય સાથે અમદાવાદ દાંડી મ્યુઝીયમના યુવાનો દ્વારા આજે અમદાવાદ દાંડી બ્રીજથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી. આ બાઈક રેલીમાં ૩૫૦ યુવાનો જોડાયા હતા. ગાંધીવાદી વિચારધારા ધરાવતા યુવાનોએ મહાત્માં મંદિરમાં આવેલ દાંડી કુટીર, સોલ્ટમાઉન્ટની મુલાકાત લીધી હતી. મહાત્માં મંદિરના પ્રોજેકટને નિહાળીને યુવાનો વિશેષ પ્રભાવિત થયા હતા. અમદાવાદ દાંડી મ્યુઝીયમ દ્વારા અમદાવાદ થી મહાત્માં સુધી આજે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દાંડી રેલી અમદાવાદ દાંડી બ્રીજથી સવારે ૮ કલાકે પ્રસ્થાન થઈ હતી. આ દાંડી રેલીમાં અમદાવાદના ૩૫૦ બાઈક ચાલકો જોડાયા હતા. ગાંધીજીના મુલ્યો અને આદર્શો અંગે આજની પેઢી જાગૃત બને અને તેમના જીવન ઘડતરમાં ગાંધીજીના મુલ્યો ઉપયોગી બને તેવા ઉમદા આશયથી નિકળેલી આ રેલીમાં ગાંધીજીની વેશભુષાધારી બાળક આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ યાત્રા નગરની ઓળખસમા મહાત્માં મંદિરે પહોંચી હતી. આ દરમિયાન દાંડી રેલીમાં જોડાયેલા યુવાનોએ મહાત્માં મંદિરની સમગ્ર કાર્ય યોજનાનું નિરીક્ષણ કર્યું હતું. મહાત્માં મંદિરમાં સ્થિત દાંડી કુટીર નજીકમાં આવેલ સોલ્ટ માઉન્ટ નીહાળીને યુવાનો દંગ રહી ગયા હતા. સમગ્ર મહાત્માં મંદિરની મુલાકાત લઈને ભોજન લઈને યુવાનો છુટા પડ્યા હતા અને રેલીનું સમાપન થયુ હતું.

## નારદીપુરમાં ગાયત્રી શક્તિપીઠ દ્વારા નૂતન સંજીવની સાધના સત્ર

નારદીપુર મુકામે નૂતન સંજીવની સાધના સત્ર ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર દ્વારા યોજાયેલ હતુ. જેમાં વ્યસન મુક્ત અભિયાન યોજાયેલ હતુ. તેમજ ગાયત્રી ઉપાસકોએ ગ્રામજનો સાથે સંપર્ક કેળવીને ગાયત્રી મંત્રોચ્ચાર, તેની શક્તી વિશે માહિતગાર કરેલ હતા.

## દેવકરણ મુવાડામાં સુરક્ષિત માતૃત્વનો કેમ્પ યોજાયો

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણ મુવાડામાં પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ યોજના હેઠળ ૫૫ સગર્ભા બહેનોને તપાસી માર્ગદર્શન આપ્યું હતું. ૮ ગામોમાંથી બહેનોને આશાવર્કર વાહનોમાં લાવ્યા હતા. ગાંધીનગરના સ્રી રોગના નિષ્ણાત ડૉ. વૈદહી તટુએ સેવાઓ આપી હતી. શ્રુતિબેન, રક્ષાબેન, મિલિન્દભાઈ ગુપ્તેએ સહયોગ આપેલ હતો.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજની કીટનું વિતરણ કરાયું

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં મોડાસા તાલુકાના છાત્રેશ્વરી તથા વાંટડામાં ૭૦ વૃદ્ધોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં ચોખા, ચા, મગ, મમરા, કોપરેલ, સાબુ, અગરબત્તી વગેરે વસ્તુઓની કીટ તૈયાર કરી આપવામાં આવી હતી. તદ્ ઉપરાંત છાત્રેશ્વરીમાં બાળકોને નાસ્તો પણ કરાવ્યો હતો.

## બુરા મત માનો...હોલી હૈ...

● **નરેન્દ્ર મોદી :- (ઉત્તરપ્રદેશ ચૂંટણી પરીણામ બાદ)**
યહા કે હમ સિકંદર...ચાહે તો સબકો રખલે અપની જેબ કે અંદર...
અરે હમસે પંગા મત લેના મેરા યાર...
હારી બાજી કો જીતના હમે આતા હૈ...

● **મુલાયમસિંહ યાદવ :- (ઘરે આવેલા દિકરા સામે જોઈને)**
ઓ છોરો કુદ પડ્યો મેલા મેં, કે સાયકલ પંચર કર લાયો...

● અખિલેશ યાદવ :- (રાહુલ સામે દેખીને)
સોને કી સાયકલ ચાંદી કી સીટ,
આઓ ચલે ડાર્લીંગ, ચલે ડબલ સીટ...

● **માયાવતી :- (ઘરે બેઠા ટીવીમાં પરીણામ જોતા-જોતા)**
જબ જાનવર કોઈ ઈન્સાન કો મારે, કહેતે હૈ દુનિયા મે વહેંસી ઊસે સારે...
ઈક જાનવર કી જાન આજ ઈન્સાનોને લી હૈ...ચુપ ક્યુ હૈ સંસાર...

● **અરવિંદ કેજરીવાલ :- (પરીણામ બાદ તમામ વિજેતા પક્ષોને)**
મુબારક હો સબ કો... સમા યે સુહાના... મૈં ખુશ હુ મેરે આંસુઓ પે ન જાના...

● **રાહુલ ગાંધી :- (મતદારો તરફ નજર નાંખીને ભીની આંખે...)**
યે હમેં હૈ યકીન...બેવફા વો નહી...ફીર બજાહ ક્યાં હુઈ... ઈંતજાર કી...

● **અમિત શાહ :- (વડાપ્રધાન ખુરશી સામે જોઈને)**
હમ હોંગે કામીયાબ, હમ હોંગે કામીયાબ, હમ હોંગે કામીયાબ એક દિન...
મન મે હૈ વિશ્વાસ પુરા હૈ વિશ્વાસ...હમ હોંગે કામીયાબ એક દિન...

● **એલ.કે. અડવાણી :- (સાહેબનો ફોટો જોઈને)**
હમસે કાં ભુલ હુઈ....જો યે સજા હમ કો મીલી....

● **આનંદીબેન પટેલ :- (કમળ સામે નજર પડતાં જ)**
જા મેં તન્હા રહુ... તુજકો મહેફીલ મીલે... ડુબને દે મુજે... તુજકો સાહીલ મીલે... મૌત હી આખરી અબ દુઆ હૈ મેરી... ખુશ રહે તુ સદા...

● **શંકરસિંહ વાઘેલા :- (જુના દિવસો યાદ કરીને)**
કોઈ લૌટા દે વો...પ્યારે પ્યારે દિન... કટતી નહીં રાતે... ઉસકે બીન...

● **વિજય રૂપાણી :- (ફોટો જોઈને)**
હે ઈશ્વર ભજીયે તુને, સાચુ છે તુજ નામ... ગુણ તમારા ગાઈએ, થાય અમારા કામ...

● **નીતિન પટેલ :-**
રાસ્તે કા પથ્થર, કિસ્મતને મુજે બના દીયા... જો રાસ્તે સે ગુજરા... વો ઠોકરે લગા ગયા...

● **પ્રદિપસિંહ જાડેજા :-**
ફૂલ હાહિસ્તા ફેંકો... ફૂલ બડે નાજુક હોતે હૈ...

● **હાર્દિક પટેલ :-**
ભુલો પડી ભવરણે ભટકુ ભવાની... સુઝે નહી લગીર કોઈ દિશા જવાની...

● **અલ્પેશ ઠાકોર :- (ઠાકોર ક્ષત્રીય સેનાને)**
મેરે સાથ આવો... મેરે દોસ્તો... એક કિસ્સા સુનાઉં...

● **ગાંધીનગર પોલીસ :-**
આમદની અઠ્ઠની... ખર્ચા રૂપૈયા...

## જાખોરામાં વિશ્વ મહિલા દિન ઉજવાયો

જિલ્લા પંચાયત જનસેવા કેન્દ્ર ગાંધીનગર આયોજિત શારીરિક શિક્ષણ અને રમત ગમત વિભાગ સાદરા અને રાષ્ટ્રીય સેવા યોજનાના સહયોગથી જાખોરા ગામની પ્રાથમિક શાળામાં વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની રૂપરેખા પ્રાથમિક શાળાના આચાર્ય રાજેશભાઈએ આપી હતી. મહેમાન પરિચય વિધિ ડૉ. નિરજ સિલવાટે કરી. ગૌ સંવર્ધન કેન્દ્ર સાદરાના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા. તેમણે ઉદ્‌બોધન કહ્યુ કે બેટી બચાવો બેટી પઢાઓ - ભ્રુણ હત્યા અટકાવો તો જ વિશ્વ મહિલા દિન ઉજવવાનો સાર્થક બનશે.

## દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટીના સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, સ્વૈચ્છિક સંસ્થાઓ શિક્ષણની સાથોસાથ ચારિત્ર્ય ઘડતર અને સંસ્કાર નિર્માણ દ્વારા ભાવિ પેઢીને વધુ સક્ષમ બનાવવા સમાજ ઘડતરનું શ્રેષ્ઠ કાર્ય કરે છે.

દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટીના સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે દાતાઓનું સન્માન કર્યા બાદ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સંસ્કાર ધામની આ દહેગામ એજ્યુકેશન સોસાયટી ભાવિ પેઢીને તૈયાર કરીને રક્તદાન જેવી અનેક સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરે છે. તે અભિનંદનને પાત્ર છે. ૪૨ હજારની વસ્તિ ધરાવતા દહેગામના નગરજનો પૈકી એક હજાર જેટલા વ્યક્તિઓને



રકતદાન કરવા બદલ અભિનંદન આપ્યા હતા. રાજય સરકારે શિક્ષણમાં ગુણાત્મક સુધારા દ્વારા અનેક નિર્ણયો કરીને પ્રાથમિક શિક્ષણને પ્રાધાન્ય આપ્યું છે.

દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ મુકેશભાઈ પટેલે સંસ્કાર ધામના ૫૦ વર્ષના સુર્વણ જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે જણાવ્યું હતું કે, સંસ્થાના સ્થાપક વિઠ્ઠલભાઈ અમીને તેમના આગવા મીશન અને વિઝનથી આ સંસ્થામાં ૩૬ વર્ષની સેવાઓની વિસ્તૃત માહિતી આપી જણાવ્યું હતું કે, આ સંસ્થામાંથી ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ સ્નાતક થયા છે. આ સોસાયટીમાં ૨૮ જેટલી વિવિધ સંસ્થાઓ કાર્યરત છે અને છેલ્લા દસ વર્ષમાં ૫ કરોડનું માતદાર દાન દાતાઓ તરફથી મળ્યું છે.

## બીબીએના ૨૦ વિદ્યાર્થીઓનું કેપિટલ ફર્સ્ટમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનનાં ૨૦



વિદ્યાર્થીઓનું કૅપિટલ ફર્સ્ટ લિમિટેડમાં ૩૦ દિવસ માટે "ઈન્ટર્નશીપ પ્લેસમેંટ" થયું. હાલમાં કોલેજમાં એન્ડ-સેમેસ્ટરની પરીક્ષાની તૈયારી ચાલી રહી છે. ત્યારે તેઓ યુનીવર્સીટીની પરીક્ષા આપ્યા બાદ વિદ્યાર્થીઓની તાલીમની શરૂઆત કરશે. અને વેકેશન નો સદઉપયોગ કરશે. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે પ્રેક્ટિકલ જ્ઞાન સાથે સ્ટાઈપેન્ડ અને સર્ટીફીકેટ પણ મેળવશે.

કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓને કંપનીના તપન શર્મા અને ગૌતમ શંકરે કંપની વિષેની સંપૂર્ણ માહિતી આપી જેમાં કંપની કંજ્યુમર ડ્યુરેબલ ગૂડ્સ માટે લોન તેમજ દ્વિચક્રિ વાહન પર લોન, મૉર્ટગેજ લોન, મિલકત સામે લોન, વ્યક્તિગત લોન, વ્યાવસાયિક લોન જેવા અનેક ક્ષેત્રમાં કંપની દ્વારા કેવી રીતે લૉન આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત કંપની ૨૪ કરતા વધારે બ્રાંડ્સની કંપની સાથે જોડાયેલી છે. વિદ્યાર્થીઓને કંપનીનાં પ્રતિનિધિ દ્વારા સેલ્સ સ્કિલ્સ, પ્રેઝેંટેશન સ્કિલ્સ તેમજ રિલેશનશીપ મેનેજમેન્ટ જેવા વિષયો પર ઉપયોગી માર્ગદર્શન પણ અપાયું હતુ. જે મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી સાબિત થશે. ત્યારબાદ તમામ હાજર રહેલા વિદ્યાર્થીઓનાં ઈંટરવ્યૂ કંડકટ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ ૨૦ વિદ્યાર્થીઓને પ્રિ- ઈન્ટર્નશીપ તાલીમ આપવામાં આવશે તેમજ અમદાવાદ અને ગાંધીનગર સ્થિત તેમની અલગ અલગ શાખાઓમાં મોકલવામાં આવશે. આ ઈન્ટર્નશીપ પ્લેસમેંટ ડ્રાઈવને સફળ બનાવવા કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ જે. તન્ના તેમજ પ્રો.આશિષ ભુવા દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## મહુન્દ્રા ગામે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

ચિલોડા, તા.૧૨

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે સમસ્ત જ્ઞાતિના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો,



ગામના અગ્રણી આગેવાનો, વાલીઓના સહકારથી સંયુકત ઉપક્રમે આયોજીત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમારંભમાં ક્ષત્રિય ઠાકોર સેનાના જિલ્લા પ્રમુખ ગોવિંદજી ઠાકોર, ઉપપ્રમુખ રાજુજી ઠાકોર, જિલ્લા સંગઠન મંત્રી પ્રવિણસિંહ ઠાકોર, તાલુકા સંગઠન મંત્રી ક્ષત્રિય ઠાકોર સેનાની ટીમના સભ્યો, મહુન્દ્રા ગામના અગ્રણી નટુજી ઠાકોર, નિવૃત્ત શિક્ષકો, પ્રાથમિક શાળા પરિવાર, વાલીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## એચઆઈવી એઈડસગ્રસ્તોને ખજૂર-ધાણીના દાતાનું અભિવાદન

ગાંધીનગર જિલ્લામાં એચઆઈવી એઈડસ સાથે જીવી રહેલા ૪૦ નાગરિકોને શહેરના સેવભાવી દાતા સુકેતુ મહેતા દ્વારા હોળીના પર્વને અનુલક્ષીને ધાણી ખજૂર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. તહેવારમાં જરૂરિયાતમંદ વર્ગના આ દર્દીઓના ચહેરા પર મુસ્કાન રેલાવવાની દાતાની સદભાવનાને જિલ્લાના એચઆઈવી એઈડસગ્રસ્તો માટે કાર્યરત વિહાન પ્રોજેકટના ગાંધીનગર સીએસસી સેન્ટરના કર્મચારી ગણે બરદાવી હતી. અત્રે તસવીરમાં સીએસસી કેન્દ્રના કર્મચારીઓ સાથે દાતા સુકેતુ મહેતા દષ્ટિગોચર થાય છે.

# વન્સ અપોન અ ટાઈમ : ત્રણ સિંહ ભાજપને ભારે હતા, આજે ત્રણ સિંહને 'નમો' ભારે છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત કોંગ્રેસમાં કરિશ્માયુક્ત માસ લિડરનો અભાવ છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપને વિજય તરફ દોરી જાય છે. કોંગ્રેસમાં એક સમય હતો કે તેની પાસે ત્રણ સિંહ નામધારી- માધવસિંહ, અમરસિંહ અને મનોહરસિંહ જેવા કરિશ્માયુક્ત લિડર હતા. તે સમયે તેઓ ભાજપ પર ભારે હતા. આજે પણ ત્રણ સિંહ નામધારી- શંકરસિંહ, ભરતસિંહ અને શક્તિસિંહ છે પરંતુ તેમની પર નરેન્દ્ર મોદી -નમો- ભારે છે. ૧૯૯૫ પછી કોંગ્રેસ પાસે એવો કોઈ માસ લિડર રહ્યો નથી કે જે કોઈ જિલ્લો કે પ્રદેશ નહીં સમગ્ર ગુજરાતની ધરતી પર લોકપ્રિય હોય... હાલના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા માસ લિડર છે પરંતુ કોંગ્રેસની સંપૂર્ણ ધૂરા તેમને સોંપવામાં રાષ્ટ્રીય નેતાઓ સંકોચ અનુભવે છે. પ્રદેશ કોંગ્રેસ પાસે શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, તુષાર ચૌધરી, સિદ્ધાર્થ પટેલ અને ભરતસિંહ સોલંકી જેવા નેતાઓ છે પરંતુ તેઓ સમગ્ર ગુજરાતનું સંચાલન કરી શકે તેટલી હાઈટ ધરાવતા નથી. મોદીની આભા સામે તેઓ વામણા સાબિત થાય છે. કોંગ્રેસમાં કરિશ્માયુક્ત નેતાનો શૂન્યાવકાશ સર્જાયેલો છે.

**ગ્રહો પાવરફુલ હોય તો દુનિયાની તાકાત નથી કે તમને હરાવી શકે**

**સત્તા મેળવવા નહીં વિપક્ષ માટે તો પ્રયાસ કરો...**

ઉત્તરપ્રદેશની ચૂંટણીના અણધાર્યા પરિણામ પછી નરેન્દ્ર મોદીએ ગુજરાત મિશન-૧૫૦ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મોદીના વેવ છતાં પંજાબ, ગોવા અને મણીપુરમાં કોંગ્રેસનો દેખાવ સાબિત કરે છે કે પાર્ટી પાસે સુપર-ડુપર લિડર હોવો જોઈએ. ભાજપમાં ૧ થી ૧૦૦માં મોદી છે પરંતુ કોંગ્રેસમાં આખા દેશને લોકપ્રિય એવો કોઈ રાષ્ટ્રીય નેતા નજરમાં આવતો નથી. ગુજરાતમાં મોદી અને ભાજપે વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ છ મહિના અગાઉ શરૂ કરી દીધી છે જ્યારે કોંગ્રેસ હજી તેના પ્રદેશ નેતાઓના ઝઘડા વચ્ચે અટવાયેલી છે. મોદીએ એ સાબિત કર્યું છે કે કાર્યકરોના ટોળાં સાથે રાખીને ચૂંટણીમાં વિજય મેળવાતો નથી પરંતુ સ્ટેટેજી અને આક્રમકતાથી વિજય હાંસલ થાય છે. હજી મોડું થયું નથી, કોંગ્રેસે નવા યુવાનોની સંખ્યાબંધ ભરતી કરીને પાર્ટીને એક નવો મોડ આપવાનો સમય આવી ગયો છે. મજબૂત શાસક પક્ષની સાથે મજબૂત વિરોધપક્ષ હોવો જરૂરી છે. સત્તા માટે નહીં તો મજબૂત વિરોધપક્ષ માટે કોંગ્રેસે પ્રયાસ કરવા જોઈએ.

**ચૂંટણીમાં બે જ પાર્ટી ઉત્તમ પરિણામ આપી શકે...**

લોકશાહી દેશમાં પાર્ટીઓની સંખ્યા પર પ્રતિબંધ કે નિયંત્રણો મૂકી શકાતા નથી પરંતુ કેટલાક રાજકીય તજજ્ઞોનું કહેવું છે કે- ૧૨૫ કરોડની જનસંખ્યા ધરાવતા ભારત દેશમાં ચૂંટણીના સમયે માત્ર બે જ પાર્ટીઓ હોવી જોઈએ. લોકોનો સાચુ ચિત્ર તો જ મળશે કે જ્યારે બન્ને બળિયા વચ્ચે બરોબરની ટક્કર રહેશે. દેશના કેટલાક રાજ્યોમાં જોવામાં આવ્યું છે કે મતદારોએ માત્ર ભાજપ કે માત્ર કોંગ્રેસને જ પસંદ કરી છે. ત્રીજી પાર્ટીને યારી મળી નથી. ત્રીજી પાર્ટીના અસ્તિત્વથી ખરીદ-વેચાણની પ્રવૃત્તિને વધારે વેગ મળે છે અને રાજકીય અસ્થિરતા સર્જાય છે. ત્રિશંકુ હાલતમાં પાર્ટીઓના નેતાઓ બળ અને સંપત્તિના જોરે સત્તા હાંસલ કરે છે. હવે એવો સમય આવ્યો છે કે ભારતમાં યોજનારી ચૂંટણીઓમાં પ્રતિસ્પર્ધી તરીકે માત્ર બે જ પાર્ટીઓ મેદાનમાં ઉતરે. આમ થવાથી ચૂંટણી પરિણામ એકદમ સાફ અને પ્રામાણિક આવશે, જો કે આ બન્ને પાર્ટીઓએ તેમની વિચારધારાને આગળ ધરી ફેસલો મતદારો ઉપર છોડી દેવો જોઈએ.

**પીએમ મોદીનો પ્લાન ૧૫૦ બેઠકો મેળવવાનો છે...**

કોંગ્રેસ મુક્ત ગુજરાતનો નારો કોંગ્રેસ મુક્ત ઈન્ડિયામાં પરિવર્તિત થઈ રહ્યો છે ત્યારે ગુજરાત કોંગ્રેસના નેતાઓ માટે એલાર્મિંગ સિચ્યુએશન આવીને ઉભી છે. પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપે દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશ ઉપર પક્કડ જમાવી દીધી છે અને હવે વારો ગુજરાતનો આવ્યો છે. રાજ્યમાં ડિસેમ્બર ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ઉત્તરપ્રદેશની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના હોમટાઉન ગુજરાતની ગલીઓમાં ચૂંટણી પ્રચાર માટે ફરી વળશે તેવું લાગી રહ્યું છે. મોદી માટે ગુજરાત નસીબદાર છે. ૧૩ વર્ષના શાસન પછી મોદી જ્યારે પ્રાઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ બન્યા ત્યારે આ જ ગુજરાતે તેમને દેશમાં સૌથી મોટી સફળતા આપી છે. મોદીને આશા છે કે ગુજરાતની જનતા ફરીથી ૨૦૧૭માં તેમને સાથ આપીને ૨૦૧૯ની વૈતરણી પાર ઉતારશે. ગુજરાતમાં મોદીનો નારો ૧૫૦ પ્લસનો નિયત થયો છે અને એ દિશામાં અત્યારથી જ માઈક્રો પ્લાનિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

**કાર્યકરોના ટોળાંથી વિજય નથી મળતો, આક્રમકતાથી હાંસલ થાય છે**

**ભારતભરમાં ધીરે ધીરે કેસરિયો છવાઇ રહ્યો છે...**

ભારતમાં કેસરિયો લહેરાતો જાય છે. દેશમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, ઝારખંડ, આસામ, છત્તીસગઢ, હરિયાણા, ઉત્તરાખંડ અને ગોવામાં ભાજપની સરકાર છે. ભાજપ શાસિત એનડીએની સરકારમાં આંધ્રપ્રદેશ, જમ્મુ એન્ડ કશ્મિર તેમજ અરૂણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. એવું લાગી રહ્યું છે કે જે દિવસો કોંગ્રેસના હતા તે દિવસો ભાજપ માટે આવ્યા છે. ભાજપમાં એકમાત્ર નરેન્દ્ર મોદી એવા શક્તિશાળી નેતા તરીકે ઉપસી રહ્યાં છે કે તેમની આગળ પાર્ટીના બીજા નેતાઓ વામણા સાબિત થયા છે. હાલ નવી દિલ્હીની ધરતી પર નરેન્દ્ર મોદી, અમિત શાહ અને અરૂણ જેટલીનો દબદબો છે, આવો દબદબો પાર્ટીમાં પહેલાં અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષીનો હતો. પેઢી બદલાઈ છે અને કલ્ચર પણ બદલાયું છે...

**મોદીનું મિશન-૧૫૦ છે, કોંગ્રેસ માટે ખતરો છે, ઉમેદવારો સાચવજો**

**ભાજપ વર્સિસ ઓલ નહીં થાય તો ખલાસ...**

નરેન્દ્ર મોદીના હોમટાઉન ગુજરાતમાં છવાઈ જવા તેઓ સંખ્યાબંધ જાહેરસભાઓ કરવા તૈયાર થયા છે, કારણ કે એકમાત્ર ગુજરાત જ એવું રાજ્ય છે કે મોદીને ૨૦૧૯માં દિલ્હીની ગાદી પર પુનરાવર્તન કરાવી શકે છે. દિલ્હીના એક રાજકીય વિશ્લેષક કહે છે કે- દેશની ભાજપ સિવાયની તમામ પાર્ટીઓ એક થઈને ચૂંટણી લડે તો આ મોરચો —મહાગઠબંધન- ભાજપ અને મોદીને મ્હાત આપી શકે છે. જો કે પાર્ટી પાર્ટીએ તેમના નેતાઓના મતમતાંતરો છે. આ સંઘમાં જોડાયેલા તમામ વિપક્ષો એકજૂથ થઈ શકે તેવી તેમની વિચારધારા નથી. ભૂતકાળમાં ઈન્દિરા ગાંધીની સામે જનતા મોરચો ખુલ્યો હતો પરંતુ એ મોરચામાં જે વિચારધારા ધરાવતા નેતાઓ હતા તેવા નેતાઓ આજે શોધ્યા મળતા નથી.

**આગ લાગે ત્યારે કૂવો ખોદવો તે કોંગ્રેસની ફિતરત...**

ગુજરાતની રાજકીય સ્થિતિ ભાજપ માટે અત્યારે સાનુકૂળ છે. ધસાયેલી કોંગ્રેસ ઉપર ઉઠવાની જગ્યાએ ધરતીમાં સમાઈ રહી છે. પ્રદેશના નેતાઓ વચ્ચેના ખટરાગના કારણે કોંગ્રેસને છેલ્લા બે દસકામાં સૌથી મોટું નુકશાન થયું છે છતાં પ્રદેશના નેતાઓ ભાજપને ફાયદો થાય તેવા રાજકીય સ્ટેપ ભરી રહ્યાં છે. હાઈકમાન્ડની વારંવારની સૂચનાઓ છતાં ગુજરાતમાં કોંગ્રેસના નેતાઓ એક હરોળમાં બેસી શકતા નથી. ગુજરાતમાં માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીનો યુગ પૂર્ણ થયો છે. નવા યુગમાં કોંગ્રેસના હાલના નેતાઓ અત્યંત વામણા સાબિત થઈ રહ્યાં છે. બીજાની લિટી નાની કરવામાં લાગેલા આ નેતાઓ ગુજરાતની જનતાના કલ્યાણ માટેની કોઈ યોજના બનાવી શકતા નથી. કોંગ્રેસ અને ભાજપમાં એક જ ફરક છે- ભાજપ માઈક્રો પ્લાનિંગ સાથે એક વર્ષ અગાઉ ચૂંટણીની તૈયારી કરે છે જ્યારે કોંગ્રેસ ચૂંટણીના આગળના બે મહિનામાં જ સક્રિય બની શકે છે પરિણામે કોંગ્રેસને પ્રચારનો સમય મળતો નથી અને ભાજપને છેલ્લા દિવસોમાં મોદી હોવાથી કોઈ ચિંતા સતાવતી નથી.

**ગુજરાતમાં કેજરીવાલ માટે મુસિબત ઉભી થઇ...**

ગુજરાતમાં ૧૮૨ ઉમેદવારો ઉભા રાખીને ચૂંટણીના મેદાનમાં ઝૂકાવવા માટે તૈયાર થયેલા દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ માટે પંજાબ અને ગોવા પછી ગુજરાત મુસિબત બની છે. આમ આદમી પાર્ટીનું ગ્રાઉન્ડ વર્ક જ નથી ત્યાં તેના ઉમેદવારો ક્યાંથી જીતી શકે તે સવાલ છે. ઉત્તરપ્રદેશમાં હાર પછી ચૂંટણી પ્રચારમાં અખિલેશની ગુજરાતમાં એન્ટ્રી પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે પરંતુ કોંગ્રેસ પાસે દમદામ નેતા પંજાબમાં છે. કેપ્ટન અમરિંદરસિંહ અને નવજોત સિદ્ધુ સ્ટાર કેમ્પેઈનર બની શકે છે. બીજી તરફ મોદી પાસે આખું બોલીવુડ છે પણ તેમને તેની જરૂર નથી, કારણ કે ભાજપના સૌથી મોટા સ્ટાર કેમ્પેઈનર એકમાત્ર મોદી જ છે. મોદી ધારે તેને જીતાડી શકે છે અને ધારે તેને હરાવી શકે છે જે ૨૦૧૨ની ચૂંટણીએ સાબિત કરી આપ્યું છે.